

ઝાંઝવાના જળ દેખીને મૃગલા દોડે છે તેમકેટલાક લોકો શાંતિ પામવા વ્યસનો પાછળ દોડે છે. પરંતુ શાંતિ વ્યસનમાં નહિ પરમાત્મા અને માતાજીના શરણમાં અને સ્મરણમાં છે.

- રાજરાજેશ્વર શ્રી સિધ્ધેશ્વરીમાતાજી (સધીમાતા) મંદિર, રંગપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.

રાજરાજેશ્વરી શ્રી સિધ્ધેશ્વરી દેવીનું દિવ્યસ્થાનક રંગપુરધામ વિશ્વવ્યાપી આધ્યાત્મિક ધર્મસ્થાન છે. આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના હલ માટે જાગૃતિના શંખ ફૂંકતા આ મંદિર છે. જીવનનો સાચો મર્મ સમજાવી શાસ્વત શાંતિ તરફ લઈ જવું એ ધર્મ સ્થાનનું લક્ષ્ય છે. માનવ માત્રના ઉત્કર્ષ માટે પ્રબોધાયેલા વૈદિક આદર્શોને વરેલું આ ધર્મ સ્થાન છે.

બાળસંસ્કાર, યુવા સંસ્કાર, મહિલા સંસ્કાર તથા કન્યા કેળવણી પ્રચાર, દીકરી બચાવો અભિયાન, વ્યસન મુક્તિ માટે જાગૃતિ કેળવાય તે માટે તથા અંધશ્રધ્ધા નિવારણ માટે આ ધર્મ સંસ્થાન અને શિક્ષણ પરાયણ ભુવાજી પ.પૂ. શ્રી અર્જુનભાઈ દેસાઈ સંનિષ્ઠરીતે સતત સેવારત હોય છે. તેમજ તબીબી સેવા, રેલ રાહત, દુષ્કાળ રાહત અભિયાન, ભૂકંપ રાહત, ગ્રામ સફાઈ જેવા માનવ ઉપયોગી કાર્યોમાં પણ આ દિવ્યધામ તથા તેના સેવકો સતત તત્પર હોય છે. ભારતીયતાની અણમોલ વિરાસત સમાન સંસ્કૃતિનો આંતરરાષ્ટ્રી સ્તરે પ્રચાર-પ્રસાર થાય અને ધર્મમય સંસ્કૃતિનું પ્રવર્તન થાય તેવા પ્રયાસો કરવા એ આ ધર્મ સ્થાનનું ધ્યેય છે.






Max Graphics Vision : 9824416730


સૌજન્ય : કનુભાઈ પોપટભાઈ ભરવાડ, સરપંચ, બેચરાજી. મો. : ૯૯૨૫૦૭૫૪૪૭
વિષ્ણુભાઈ નારણભાઈ ભરવાડ, બેચરાજી. મો. : ૯૮૭૯૩૯૫૧૬૪

# चलो जलायें दीप वहाँ, जहाँ अभी भी अंधेरा है।



## વ્યસનમુક્ત સમાજ નિર્માણ અભિયાન

રાજરાજેશ્વરી શ્રી સિધ્ધેશ્વરી માતાજી (શ્રી સધી માતાજી) મંદિર, રંગપુર





**નરેન્દ્ર મોદી**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૩-૦૧-૨૦૧૩

# સંદેશ

શ્રદ્ધામાં સમજણનો ઉમેરો થતાં ધર્મ તરફનો વૈજ્ઞાનિક અભિગમઊગી નીકળે. મહાકુંભનો ધાર્મિક અવસર સામાજિક ચેતનાનો મંગલ મહોત્સવ બને એવી ઝંખના અને મા સિધ્ધેશ્વરીની પરમપ્રેરણાને પરંપરા બનાવી છે એવા ભુવાજી શ્રી અર્જુનભાઈ દેસાઈએ તીર્થરાજ પ્રયાગમાં જનજાગૃતિનો યજ્ઞ આરંભ્યો છે.



# માંસાહાર : માણસમાં પશુતાને ઉતેજતો આહાર !

હા! વિજ્ઞાન પુરવાર કરે છે કે માસાંહારથી માણસમાં હિંસક વૃતિ, ક્રૂરતા વધે છે !

નખ, દાંત, જઠર અને આંતરડા વગેરે અંગો સહિત માણસના શરીરની રચના જ એવી છે કે તે માંસાહાર માટે બિલકુલ અનુકુળ નથી. માસાંહારથી આયુષ્યનો ક્ષય થાય છે, આંતરડાનું કૅન્સર, હૃદયરોગ, હાઈબ્લડપ્રેશર, ડાયાબીટીસ, કીડનીના રોગો વગેરે મુશ્કેલી થાય છે.

**આપ જ નક્કી કરો કે માંસાહાર કરીને પશુ થવું છે ?**




**સેવા**



**પ્રેરણામમૂર્તિ**

‘વ્યસનથી શાંતિ નહીં,
શાંતિનો ભ્રમ
અને અશાંતિ મળે છે.
વ્યસન એટલે વિનાશ જ !
વ્યસન કરવું જ હોય તો
સત્સંગ અને સેવાનું જ કરો.’

**સદ્‌ભાવ** **સંપાદકીય** **સમભાવ**

રાજરાજેશ્વરી શ્રી સિધ્ધેશ્વરી માતાજી સંસ્થાન, રંગપુરધામદ્વારા સમાજના હિતમાં જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

દેશમાં સર્વપ્રથમ ગૌહત્‌યા પ્રતિબંધનો કાયદો બનાવી તેનો કડક અમલ કરવામાં તેમજ યુવાધનને નષ્ઠ કરનાર ગુટખા ઉપર પ્રતિબંધ મુકીને પ્રેરણારૂપ કામગીરી કરવા બદલ મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હાર્દિક શુભકામના પાઠવું છું.

“બેટી બચાવો”, “ભ્રુણ હત્યા પ્રતિબંધ”, “કન્યા કેળવણી” તથા સાર્વત્રિક સામાજિક બદી “વ્યસનમુક્તિ” જેવા કાર્યો અંગે જન જાગૃતિ શિબિરો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. સરકારશ્રી-સ્વૈચ્છિક સામાજિક સેવાભાવી સંસ્થાઓના સમન્વય દ્વારા આ ધાર્મિક ધામ“વસુધૈવ કુટુંબકમ્” ની ભાવનાસહ આપણા પરિવારોને સામાજિક દૂષણોમાંથી વ્યસનમુક્ત બનાવવા માટે પહેલ કરે છે.

આવો, આપણે સૌ ભેગા મળી સામાજિક વિકાસની કેડી પર પગરવ કરવા સહભાગી બની કૃતાર્થ થઈને જનજાગૃતિના આ દિવ્યયજ્ઞને પ્રજ્જવલિત રાખીએ....

- શ્રી અર્જુનભાઈ દેસાઈ (ભુવાજી)

## ધૂમ્રપાન-તમાકુ સેવન : કેન્સરને નિમંત્રણ





## ઈંડાં શું કાંઈ ઝાડ ઉપર ઊગે છે ?

અફલિત ઈંડાંને 'વેજિટેરીયન ઈંડાં' કહીને શાકાહાર તરીકે ખવાય છે, પરંતુ ઈંડાં ઝાડ પર ઊગતાં કોઈ ફળ નથી !



**ઈંડું નહીંવત્ પોષકતત્વો ધરાવે છે :**

- ઈંડાં કરતાં, ઘઉં, બાજરી, જુવાર અને મકાઈમાથી આઠથી દશ ગણી વધારે શક્તિ (કાર્બોહાઈડ્રેટસ) મળે છે.
- મગફળી, સોયાબીન, મગ કે અન્ય કઠોળમાં, ઈંડાં કરતાં બેથી પાંચ ગણું વધુ પ્રોટીન હોય છે.
- ૨૦૦ ઈંડાં ખાઓ તોય ૧૦૦ મિ.ગ્રા. વિટામીન 'સી' ન મળે, જે માત્ર એક જ આમળું કે પા કિલો સંતરામાંથી મળે છે !

**'ઈંડાંમાં જીવન છે !**
**કોઈનું જીવન છીનવી**
**લેવાનો આપણો અધિકાર નથી.**
**કોઈને મારીને જીવવું એ માનવતા નથી !'**

મિશિગન યુનિવર્સીટી, યુ.એસ.એ. ના
વૈજ્ઞાનિકો એ પુરવાર કર્યું છે કે
ફલિત કે અફલિત
કોઈપણ ઈંડું નિર્જીવ નથી હોતું.
દરેક ઈંડામાં જીવન છે.
તેમાં શ્વાસોચ્છ્વાસ,
ચયાપચય વગેરે
જૈવિક ક્રિયાઓ થાય છે.



વ્યસનનો ભસ્માપુરી પ્રકોપ અધોગતિની આગમાં અસંખ્ય પરિવારોને લપેટમાં લઈ રહ્યો છે ત્યારે, વ્યસનની વિકરાળતાને જાણવા છતાં અજાણ રહેલાઓ માટે સંતોએ ચિંધેલી સમજણ તરફ લઈ જવાનો આ અર્જુન પ્રયાસ પરિવર્તનના પ્રભાતને પોંખનારો બની રહે તેવી અભિલાષા સાથે, કુંભમેળામાં **રંગપુર સિધ્ધેશ્વરી (શ્રી સધીમાતાજી) માતાજી મંદિર** (ગુજરાત) ના ઉપક્રમે આરંભાયેલ સમાજ ચેતનાની કામગીરી માટે અભિનંદન.


**સૌનો,**

**(નરેન્દ્ર મોદી)**

પ્રતિ,
**શ્રી અર્જુનભાઈ એમ. દેસાઈ,** ભુવાજી
સિધ્ધેશ્વરી માતાજી (શ્રી સધીમાતાજી) મંદિર,
મુ.પો. રંગપુર, તા. માણસા,
જિ. ગાંધીનગર.

## ધૂમ્રપાનને તમાકુ-સેવનનું પરિણામઃ હૃદયરોગ !



## શરીરમાં એક પણ ભાગ એવો નથી કે જેને દારૂના સેવનથી નુકસાન થતું ન હોય !


**નિષ્ણાતો પુરવાર કરે છે કે દારૂના સતત સેવનથી**


- યકૃતમાં જીવલેણ રોગ થાય છે...
- અસાધ્ય હૃદયરોગ થાય છે...
- મુખ, જઠર, આતંરડામાં અલસર થાય છે...
- મગજની કાર્યવાહી મંદ પડે છે...
- મગજનાં કોષોને ભયંકર ઈજા પહોંચાડે છે...
- ચિતભ્રમ થાય છે, યાદશક્તિ ક્ષીણ થાય છે...
- સ્નાયુ અને હાડકાંને નબળા બનાવે છે...

## દારૂ : અનેક નારીઓનો સુહાગ ભૂંસતો શેતાન છે !!

દારૂના નશામાં જીવન ગુમાવનારા
લાખોની વિધવાઓનો આ કલ્પાંત,
આપના હ્યદય ને અકળાવે છે ?
કરુણા આક્રંદમાં ઝૂરતાં આવાં
અસંખ્ય બાળકોની અનાથ
અને નિઃસહાય દશામાં,
દારૂના પિશાચનું તાંડવ દેખાય છે ?







આ વિકૃત, અસહ્ય અને
પીડાદાયક દુર્દશાનું નામ છે :

## કૅન્સર !

સાવધાન!
તમાકુ-ગુટખા કૅન્સરને નોતરે છે!

આપને ખ્યાલ છે ?
હથેળીમાં તમાકુ ચોળાય છે ત્યારે,



સાથે હથેળીની ભાગ્યરેખા-
આયુષ્યરેખા પણ ભૂંસાય છે!



આપ ધૂમ્રપાનની 'લિજ્જત' લૂંટો છો ત્યારે...

## તમાકુ સળગે છે કે આપનો પરિવાર ?

આપના પરિવારને ખાતર,
આપનાં
લાડકવાયાં બાળકોને ખાતર
આપ ધૂમ્રપાનથી અને
તમાકુ-સેવનથી દૂર રહો !



## દારૂ : બરબાદીનો લપસણો માર્ગ !

કેટલાક માને છે કે ક્યારેક ક્યારેક
પ્રસંગોચિત દારૂ પીવામાં કોઈ હાનિ નથી,
કે તેથી વ્યસની બની જવાતું નથી.
પરંતુ એ ભ્રમમાં રેહનારા અસંખ્ય લોકો
દારૂના અઠંગ વ્યસની બની ચૂક્યા છે
અને વિનાશ નોતરી બેઠા છે.

યાદ રહે :
દારૂનું સેવન, એક લપસણો માર્ગ છે :
પાયમાલનો, બરબાદીનો, વિનાશનો...



## ધૂમ્રપાન એટલે આપઘાત !

શું આપ ધૂમ્રપાન કરીને આ
જીવલેણ રોગોને નિમંત્રણ આપવા ઈચ્છો છો ?

- ફેફસાનું કૅનસર
- હૃદયરોગ
- શ્વાસનળીનું કૅન્સર
- મોંનું કૅન્સર
- સ્વરપેટીનું કૅન્સર
- મગજ-રોગના હુમલાઓ
- યકૃત અને પિત્તાશયનું કૅન્સર.

અને આવા બીજા અસંખ્ય રોગો

સાવધાન !
ધૂમ્રપાન કે તમાકુ-ગુટખાનું સેવન
અનેક ભયંકર પીડાદાયક રોગોની આગમાં આપને ધકેલે છે.

